સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત, વિચરતી અને વિમુક્ત જાતિઓ તથા આર્થિક રીતે પછાત વર્ગ માટે વ્યક્તિગત મકાન સહાયની **પંડિત દીનદયાલ ઉપાધ્યાય આવાસ યોજના.**

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**ઠરાવ ક્રમાંકઃ—સશપ/૧૪૯૭/ન.બા.૧/અ.**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા. ૨૮/૧/૨૦૦૪**

**<u>વંચાણે લીધાઃ—</u>**

(૧) મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૮/૩/૭૯ નો ઠરાવ ક્રમાંકઃ—બકર/૧૫૭૯/૧૬૮૧૭/હ.
(૨) સમાજ કલ્યાણ વિભાગનો તા.૬/૨/૮૯ નો ઠરાવ ક્રમાંકઃ—સશપ/૧૧૮૮/૧૦૪૪/(૧૦)અ.
(૩) સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૬/૯/૯૫ નો ઠરાવ ક્રમાંકઃ—સશપ/૧૦૯૫/ન.બા.૧/ખ.
(૪) સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૬/૯/૯૫ નો ઠરાવ ક્રમાંકઃ—સશપ/૧૪૯૯/ન.બા.૧/૯૫—૯૬/અ.
(૫) સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૭/૧૦/૯૮ નો ઠરાવ ક્રમાંકઃ—સશપ/૧૪૯૭/ન.બા.૧/અ
(૬) સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૮/૧૧/૯૮ નો ઠરાવ ક્રમાંકઃ—સશપ/૧૪૯૭/ન.બા.૭/અ.
(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૯/૫/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃ—સશપ/૧૪૯૭/ન.બા.૧/૬૭૦/૯૯/અ.
(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૯/૪/૨૦૦૧ નો ઠરાવ ક્રમાંકઃ—સશપ/૧૪૯૭/ન.બા.૧/અ.
(૯) સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ—સપય—૧૦૨૦૦૧—એમ.—૪૨—બ. તા.૧/૫/૨૦૦૧
(૧૦) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૮/૨૦૦૧ નો ઠરાવ ક્રમાંકઃ—અબડ/૧૦૨૦૦૦/૪૬૪/હ.
(૧૧) સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ઠરાવ ક્રમાંકઃ—સપય—૧૦૨૦૦૧—એમ—૭૮—લ તા.૩૧/૧/૨૦૦૨.
(૧૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૬/૩/૨૦૦૨ નો ઠરાવ ક્રમાંકઃ—સશપ/૧૪૯૭/ન.બા.૧/મ—૧૩૨/(૨૦૦૧)અ.

**પ્રસ્તાવનાઃ—**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા વિચરતી અને વિમુક્ત જાતિઓ અને આર્થિક રીતે પછાત વર્ગો માટે વ્યક્તિગત ધોરણે મકાન સહાય યોજના અંગે ઉપર આમુખમાં દર્શાવેલ વિવિધ ઠરાવોથી સરકારે આ અંગેની વિગતવાર યોજના પ્રસિધ્ધ કરેલી છે. એક યા બીજી રીતે આ યોજના આવા વર્ગોને તેનો મુળ હેતુ સિધ્ધ થાય તે રીતે પરિણામલક્ષી બને અને

વધારેમાં વધારે લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળી શકે તે માટે અવારનવાર આ યોજનાની જિલ્લા કક્ષાએ તથા રાજય કક્ષાએ પણ સમીક્ષા કરવામાં આવી હતી. આ સંદર્ભમાં નિયામક, વિકસતી જાતિ કલ્યાણ તથા માન.મંત્રીશ્રી કક્ષાએ પણ આ યોજનાની કામગીરી અને તેનો વધારે અસરકારક અમલ થઈ શકે તે માટે વિચારણા કરી હતી અને જિલ્લા અધિકારીઓ પાસેથી આ અંગે વિવિધ સૂચનો પણ મેળવવામાં આવ્યા હતા. ખાસ કરીને આ યોજનાની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ અમલ કરવામાં કેટલીક વ્યવહારૂ મુશ્કેલીઓ અનુભવાતી હતી અને તેથી આ યોજનાનો લાભ પછાત વર્ગના અરજદારોને જલ્દીથી અને સરળતાથી મળે તે માટે આયોજનનું સરળીકરણ કરવાની પણ જરૂર જણાઈ છે.

ઠ રા વ::–

આ સંજોગોમાં ઉપર આમુખમાં દર્શાવેલ આ વિભાગના વિવિધ ઠરાવોથી નકકી કરાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો વગેરે માટેની વ્યકિતગત ધોરણે મકાન સહાય યોજનાના પ્રવર્તમાન હુકમો રદ કરીને આ અંગે સમગ્ર યોજના નવેસરથી નીચે દર્શાવ્યા મુજબ બહાર પાડવામાં આવે છે.

૧ આ યોજના **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ તથા આર્થિક રીતે પછાત વર્ગો માટે વ્યક્તિગત મકાનની પંડિત દીનદયાલ ઉપાધ્યાય આવાસ સહાય યોજના** તરીકે ઓળખવામાં આવશે.

૨ **આ યોજનાનો હેતુ** વિકસતી જાતિના અને ખાસ કરીને આ વર્ગો પૈકી નબળી આર્થિક સ્થિતિ ધરાવતા અને ગરીબી રેખા નીચે જીવતા પછાત વર્ગના લોકોને સમયબધ્ધ રીતે તબકકાવાર પાકા આવાસો પુરા પાડવામાં આવશે.

૩ **આ યોજનાની પાત્રતાની મુખ્ય શરતો** નીચે મુજબ રહેશે.

(૧) આ યોજના માટેની વાર્ષિક આવક રૂા.૨૪,૦૦૦/– રહેશે.

(૨) ગ્રામ પંચાયતના ચોપડે મકાન તરીકે નોંધાયેલ હોય તો પણ તદ્દન કાચું, ગાર–માટીનું, ઘાસ પૂળાંનું, કુબા ટાઈપનું મકાન કે જે રહેઠાણ માટે યોગ્ય ન હોય તે ધરાવનાર ઈસમને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.એટલે કે ઈંટ, પથ્થર કે સીમેટ જેવી પાકા મકાનની વ્યાખ્યામાં આવતું મકાન ન હોય તેવી વ્યકિતને આ લાભ મળવાપાત્ર થશે.

(૩) ગ્રામ પંચાયતના રેવન્યુ /સીટી સર્વેના અથવા અન્ય સક્ષમ કચેરીના દફતરે જમીનનો પ્લોટ નોંધાયેલ હોય તો પણ જો આવી અરજદાર વ્યકિતઓ કબજો ધરાવતી હોય, મિલકત વેરો ભરવાનો દાખલો રજૂ કરે તો તેઓને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૪) રેવન્યુ/સીટી સર્વે વગેરેમાં જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય તો પણ જો રજીસ્ટર દસ્તાવેજોથી નોંધાયેલ હોય તો મિલકત તબદીલ થઈ હોય તેવા જમીનના પ્લોટોના કબજેદારોને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૫) શહેરી વિસ્તારોમાં શહેરી ગરીબો માટે અન્ય યોજના નીચે નિયત ધોરણો અનુસાર ખુલ્લો પ્લોટ ધરાવનાર વ્યકિતઓને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૬) વારસાઈથી મિલક્ત પ્રાપ્ત કરેલ હોય અને તે અંગે રેવન્યુ / સીટી સર્વે રેકર્ડમાં નોંધ ન થઈ હોય પરંતુ કુલ મિલક્ત ધારણ કરનાર તથા તેના વારસદારો આવી જમીન ઉપર મકાન બાંધવા માટેની જો સંમતિ આપતા હોય તો આવા પ્રત્યક્ષ કબજો ધરાવનાર વારસદારોને પણ આ સહાયનો લાભ આપી શકાય.

(૭) રાવળીયા/રાવળા અને ઈનામી જમીનોના કાયદા/નિયમો નીચે પ્રાપ્ત કરેલ જમીનો અંગે પણ જો કોઈ મહેસુલી કે સીટી સર્વે રેકર્ડમાં નોંધાયેલ ન હોય પંરતુ તેઓના લાંબા સમયથી પ્રત્યક્ષ કબજો હોય તો તેઓને પણ સહાય મળવાપાત્ર રહેશે. પરંતુ લાભાર્થી ખરેખર કબજો ધરાવે છે કે કેમ તેની ખાત્રી ખાતાના અધિકારી/કર્મચારીઓએ કરવાની રહેશે અને તે મતલબનું તલાટી/સરપંચ પાસેથી લેખિત પ્રમાણપત્ર મેળવીને તેના ઉપર જિલ્લા અધિકારીએ પ્રતિ સહી પણ કરવાની રહેશે.

(૮) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં પણ અતિ પછાત ગણાતી અને ભટકતુ જીવત ગાળતી જ્ઞાતિઓને આ યોજનાનો અગ્રતાને ધોરણે લાભ મળે તે જોવાનું રહેશે અને સંજોગોવસાત્ આવી અતિ પછાત અને વિચરતી અને વિમુકત જાતિઓ પૈકી જે લોકો હાડમારી ભરેલું જીવન ગુજારે છે તેવા વ્યકિતગત કિસ્સામાં ગરીબી રેખા હેઠળ આવરી ન શકાતા હોય તો પણ યોગ્ય વિચારણા કરીને સહાય મંજુર કરી શકાશે.

(૯) સરકાર ધ્વારા માન્ય થયેલ સંસ્થા ધ્વારા મકાન બાંધકામ માટે નાણાંકીય ધિરાણ મળેલ હશે તેવા અરજદારોના યોગ્ય કિસ્સામાં પણ આવી સહાય આપવાની વિચારણા કરી શકાશે.

## ૪ સહાયનું ધોરણ::–

(૧) આ યોજના હેઠળ મકાન સહાયની રકમ રૂા.૪૦,૦૦૦/–( અંકે રૂપિયા ચાલીસ હજાર પુરા) રહેશ અને લાભાર્થીએ લોકભાગીદારી તરીકે રૂા. ૫૦૦૦/– ની રકમ વ્યકિતગત રીતે શ્રમફાળા તરીકે જોડવાની રહેશે.

(૨) આ યોજના હેઠળ મકાનની ટોચ મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૫૦,૦૦૦/– તથા શહેરી વિસ્તાર માટે રૂા.૭૦,૦૦૦/– રહેશે.

(૩) આ યોજના હેઠળ મકાન સહાયનું ચુકવણું ત્રણ હપ્તામાં કરવાનું રહેશે.

(૪) મકાન સહાયની ૨૫% રકમ પ્રથમ હપ્તા તરીકે ચુકવવામાં આવશે. અરજી મંજુર કર્યેથી પ્રથમ હપ્તાની રકમ ચુકવવાની રહેશે.

(૫) સહાયની રકમના બીજા હપ્તા પેટે ૫૦% રકમ છત સુધીનું બાંધકામ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ચુકવવાની રહેશે.

(૬) મકાન સહાયનો છેલ્લો અને ત્રીજો ૨૫% નો હપ્તો બાંધકામ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર રજુ થયેથી ચુકવવામાં આવશે.

(૭) ત્રીજા હપ્તાની રકમ ચુકવવા માટે મકાન પૂર્ણ થાય બાદ ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા પંચાયતના ઓવરશીયર,અધિક મદદનીશ ઈજનેર અને શહેરી વિસ્તારમાં રાજય સરકાર, મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકાના નાયબ મદદનીશ ઈજનેર કે આ હેતુસર સરકારે યથા પ્રસંગે નકકી કરેલ સક્ષમ સત્તાધિકારી કે તેના ઉપરી

અધિકારીનું મકાન પુર્ણ થયાનું પ્રમાણપત્ર રજૂ કરેથી ત્રીજા હપ્તાની રકમ ચુકવવાની રહેશે.

(૮) આ યોજના અમલમાં આવે તે પહેલાંની મંજુર કરાયેલ અરજીઓ પૈકી જેમાં એક કે વધારે હપ્તા ચુકવ્યા હોય તેનો અમલ જુના ઠરાવ પ્રમાણે કરવાનો રહેશે. જયારે જે અરજીઓ સ્વીકારાઈ હોય પણ એક પણ હપ્તો ચુકવ્યો ન હોય તેનો નિકાલ આ નવી યોજના મુજબ કરવો.

(૯) સબંધિત જિલ્લામાં મળતી અરજીઓ પૈકી માત્ર ગ્રાન્ટની મર્યાદામાં આવતી હોય તેટલીજ અરજીઓ મંજુર કરવાનુ ધોરણ રાખવું.

## ૫ મકાન પૂર્ણ કરવાની સમય મર્યાદા::-

(૧) અરજી મંજૂર થયાની તારીખથી બે વર્ષમાં મકાન પૂર્ણ કરવાનું રહેશે. સમય મર્યાદામાં મકાન પૂર્ણ ન કરનાર લાભાર્થી પાસેથી મકાન સહાયના અપાયેલ હપ્તા પરત વસૂલ કરવાની જવાબદારી સંબંધિત જિલ્લા નાયબ નિયામક/સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.)ની રહેશે. ખાસ અપવાદરૂપ અનિવાર્ય સંજોગોમાં આ સમય મર્યાદામાં વાજબી છૂટ મુકવાની સત્તા યોગ્ય કારણો નોંધીને જિલ્લા અધિકારીને રહેશે.

## ૬ યોજનાનું અમલીકરણ અને અહેવાલ::-

(૧) આ યોજનાનો અમલ સંબંધકર્તા જિલ્લા નાયબ નિયામક/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.)એ કરવાનો રહેશે. ઠરાવમાં નિયત કરાયેલ શરતો અને જોગવાઈઓ પ્રમાણે લાભાર્થીઓ લાભ મેળવવાને પાત્ર છે કે કેમ તેની પુરી ચકાસણી જે તે જિલ્લા અધિકારીએ કરવાની રહેશે.

(૨) મકાન સહાયની માંગણી માટે આવતી અરજીઓ તેના ક્રમ પ્રમાણે ગોઠવી ગરીબી રેખાના નોંધણી નંબર ચકાસી અગ્રતાના ક્રમે મંજુર કરવામાં આવશે. અતિ પછાત જાતિઓના કિસ્સામાં અગ્રતા આપવાની રહેશે.

(૩) આ યોજનાનો અમલ કરતી વખતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની સર્વે યાદીને માન્ય દસ્તાવેજ ગણેલ હોવાથી તે યાદીને નોંધીને ક્રમને ચકાસી આવકનો દાખલો મેળવવામાંથી મુક્તિ આપવામાં આવશે. જયારે શહેરી વિસ્તાર માટે સક્ષમ સત્તાધિકારીનું જાતિ પ્રમાણપત્ર તથા આવકના દાખલો મેળવીને રજૂ કરવાનો રહેશે.

(૪) વ્યક્તિગત ધોરણે મકાન સહાય યોજનાનો અમલ કરતી વખતે શકય હોય ત્યાં સુધી સરદાર પટેલ આવાસ યોજનાના મંજુર થયેલ અંદાજો અને ધોરણોનો અમલ કરવો. આમ છતાં પછાત વર્ગોની આ યોજના સિધ્ધ થાય તે નજર સમક્ષ રાખીને અરજદારે ધારણ કરેલ જમીન અંગેની સ્થાનિક સ્થળ સ્થિતિ પણ લક્ષમાં લેવી, તે જ રીતે મંજુર કરાયેલ નકશા મુજબનું મકાન બનાવ્યું હોય અને માપ-સાઈઝમાં આંશિક ફેરફારો જણાય તેવા કિસ્સામાં લાભાર્થીને બીન જરૂરી નુકશાન ન થાય તે

Am

માટે મકાનમાં થયેલ ખર્ચ અને મકાન પૂર્ણતા અંગેના પ્રમાણપત્રના આધારે વ્યવહારૂ નિર્ણય લેવાનું અધિકારીએ જોવું.

(૫) સરદાર પટેલ આવાસ યોજનાની સુધારેલી જોગવાઈ મુજબ આર.સી.સી. સ્લેબને બદલે મેંગ્લોરી નળીયાના ઢળતા છાપરાવાળા મકાનોના કિસ્સામાં પણ આ યોજનામાં સહાય આપી શકાશે.

(૬) પછાત વર્ગો પૈકી ભટકતું જીવન ગુજરાતી છારા, મદારી,વાદી, નટ–બજાણીયા, સરાણીયા, સાંસી,ડફેર વગેરે જેવી જાતિઓના કિસ્સામાં આવી જ્ઞાતિઓ જો એક જ સમૂહમાં વસાહતો બનાવવા માંગતી હોય તો તેમના કિસ્સામાં ઓછામાં ઓછા દશ કે તેથી વધારે લાભાર્થીઓને એક જ સ્થળે એક સામટે આ યોજના હેઠળ લાભ આપી શકશે.

(૭) આ યોજના હેઠળ બંધાતા મકાનો પૈકી પ્રતિ વર્ષ ઓછામાં ઓછા ૫ ટકા મકાનોનું આકસ્મિક સ્થળ નિરીક્ષણ કરી તેની યોગ્યતા અંગેનો અહેવાલ સરકારને મોકલવાનો પ્રબંધ નિયામક, વિકસતી જાતિએ કરવાનો રહેશે.

(૮) આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં જે તે સદર હેઠળ પાડવાનો રહેશે અને તે હેઠળ દર વર્ષે આ હેતુસર કરવામાં આવતી જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. એમ. પટેલ )
ઉપસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન, ગાંધીનગર
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી તથા અન્ય માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
માન. વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગાંધીનગર
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના અન્ય સર્વે વિભાગો.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

395

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર, આ યોજનાના યોગ્ય અમલીકરણ તથા મોનીટરીંગ માટે સબંધકર્તાઓને જરુરી સુચનાઓ અને માર્ગદર્શન પુરુ પાડવાની વિનંતી સહ.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગર
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( વિકસતી જાતિ)
સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રીઓ.(વિકસતી જાતિ)
મેનેજીંગ ડીરેકટરરી, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ.ગાંધીનગર
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગર
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
વિભાગની અ–૧, જ, ગ, બજેટ, સંકલન તથા હ શાખા.
સીલેકટ ફાઈલ અ શાખા.